

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

મોંઘવારી પરાકાષ્ઠાની પાર, છેક લઈ ગયા!
સત્ય-મૂલ્યો-સિદ્ધાંતોના રિટર્ન ચેક થઈ ગયા
ફેક થઈ ગયા કાયદા-ચૂકાદા ને બંધારણ -
ને તમારી ધાકે વિરોધીઓ એક થઈ ગયા?

હાઈકુ

કરે ઉપાય,
'અગ્નિસ્નાન' બંધીના -
પેટ્રોલ મોંઘુ...

વધી ગ્યા ભાવ
એમેલે જેવાના ય -
લ્યો ! સો કરોડ!

(હવે ખેડૂતો આત્મહત્યા કેમ કરશે?)(મોંઘવારી)

### ચિંતન

**દુ:ખાનુશયી દ્વેષ: ।**

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

દુ:ખના અનુભવ પછી ઘૃણાની વાસના ચિત્તમાં રહી જાય છે, તેને દ્વેષ કહે છે.

દ્વેષ-વૈરભાવ - દુશ્મનીનો ત્યાગ કરી ક્ષમાભાવ કેળવવો જોઈએ - પરંતુ સામાન્ય માનવી વ્યવહારમાં જયારે કોઈ દ્વારા દુ:ખ અને પરેશાનીનો અનુભવ કરે ત્યારે મનમાં કડવાહટ રહી જાય છે અને તેનું નામ 'દ્વેષ' છે.

સત્સંગ અને સંયમથી દ્વેષનો નાશ થાય છે.

### સુવિચાર

- કૌન કહેતા હૈ કિ ઈંસાન ખાલી હાથ આતા હૈ ઔર ખાલી હાથ જાતા હૈ...!! ઈન્સાન ભાગ્ય લેકર આતા હૈ ઔર કર્મ લેકર જાતા હૈ...!! - **ચંદનકુમાર**
- મોહ નથી, માયા નથી, અમર તારી કાયા નથી, સુખેથી જીવી લો આ જિંદગી, કારણ દુ:ખની અહીં કોઈ છાયા નથી - **ચંદ્રેશ કોઠારી**
- હું નીકળ્યો સુખની શોધમાં તો રસ્તે ઊભેલા દુ:ખો બોલ્યા, અમને સાથે લીધા વગર કોઈને પણ સુખનું સરનામું મળતું નથી - **અમૃતબિંદુ**
- સમય જયારે નિર્ણય કરે છે.... ત્યારે સાક્ષીની જરૂરત નથી પડતી - **એસ. ભટ્ટાચાર્ય**
- મતભેદ એ એક એવી ઉધઈ છે કે જે ધીમે ધીમે મન સુખી પહોંચી લાગણીઓને કોતરી નાખે છે - **મનહર મોદી**
- માખી કયારેય ચંદન પાસે જતી નથી, દુર્જન કયારેય સંત પાસે જતો નથી- **રત્નસુંદર વિજયજી**
- આજનું ઔષધ : લીંબુડીના કુમળા પાનનો રસ નાકથી સુંઘવાથી માથાના દુ:ખાવામાં તરત આરામ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પુસ્તકો, શાસ્ત્રોનું જ્ઞાન ભલે જરૂરી છે, એનાથી વિદ્વાન બની શકાય છે પરંતુ જિંદગી સફળતાપૂર્વક જીવવા માટે જીવનનું વ્યવહારિક જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. આ કોઠાસૂઝ વાળું જ્ઞાન જ સંકટ સમયે ઉપયોગી નીવડી જાય છે.

રામચંદ્ર વ્યવસાયે વકીલ હતા અને અને તેમની વકીલાત ધમધોકામ ચાલતી હતી. તેમને પોતાના જ્ઞાન માટે અભિમન હતું. એક દિવસ નાવમાં બેસીને નદીની સામે પાર જવાનું હતું. નાવમાં બેસી તેમણે નાવિક સાથે વાતો કરવાનું શરૂ કર્યું. નાવિકને પૂછ્યું, 'તું વ્યાકરણ જાણે છે ?' નાવિકે કહ્યું, 'ના, બાબુજી, વ્યાકરણ કોને કહેવાય એ મને ખબર નથી.' રામચંદ્રએ કહ્યું, 'તારી ચાર આની જિંદગી બેકાર ગઈ.' રામચંદ્રએ વળી પૂછ્યું, 'તને કવિતા આવડે છે?' નાવિકે ના પાડી. એટલે રામચંદ્રએ કહ્યું, 'તારી આઠ આની જિંદગી બેકાર ગઈ.' થોડીવાર પછી વળી પૂછ્યું, 'તને ગણિત આવડે છે?' નાવિકે કહ્યું, 'મારે ગણિત સાથે કોઈ લેવા દેવા નથી.' રામચંદ્રએ કહ્યું, 'ભાઈ તારી તો બાર આની જિંદગી વ્યર્થ થઈ.'

એટલામાં અચાનક વાતાવરણ બદલાયું, નાવ ઊંધી થવા લાગી. સ્થિતિની ગંભીરતા જોઈ નાવિક નદીમાં કૂદી પડ્યો અને તરીને પાર જવા લાગ્યો અને તરતા તરતાં રામચંદ્રજીને પૂછ્યું, 'તમને તરતાં આવડે છે ?' રામચંદ્રએ કહ્યું, 'મને તરતા નથી આવડતું.' નાવિકે કહ્યું, 'તો તમારી સોળ આની જિંદગી પાણીમાં ગઈ.'

રામચંદ્રએ નાવિકની માફી માંગી. નાવિકે તેમને ડૂબતા બચાવ્યા અને કિનારે પહોંચ્યા પછી રામચંદ્રનું મોં જોવા જેવું હતું.

# દિશાહીન આંદોલનનાં લેખાંજોખાં

**તંત્રીસ્થાનેથી...**

પાટીદાર આંદોલનને પુનર્જીવિત કરવાના પ્રયાસ તરીકે ધ્રાંગધ્રા તાલુકાના માલવણ મુકામે હાર્દિક પટેલ દ્વારા આયોજિત અને કદાચ ભાજપના અગ્રણીઓ માને છે એમ આંશિક રીતે કોંગ્રેસ મારફત પ્રાયોજિત પાટીદાર પંચાયત સ્પષ્ટપમે ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ વધુ એક વાર ફૂંકાયેલું રણશિંગુ હતું. હાર્દિક પટેલ લાઈમ લાઈટમાં રહેવા માટે હવાતિયાં મારતો રહે છે અને હજી પણ પોતે એકલપંડે પચીસ હજાર પાટીદારોને ભેગા કરી શકવાની ક્ષમતા ધરાવે છે એ બતાવવા માટેનો ટેસ્ટ કેસ હતો. એણે પાટીદાર સમાજના તમામ ધારાસભ્યોને આ મહાપંચાયતમાં ઉપસ્થિત રહેવા ઈજન પાઠવીને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધા હતા. નીતિનભાઈ પટેલ વિશે ભાતભાતની અફવાઓ ઉડાવવાનો પણ પ્રયાસ થયો, જેનો ખુદ નીતિનભાઈએ સ્પષ્ટ શબ્દોમાં રદિયો આપવો પડ્યો એ જ સૂચવે છે કે હાર્દિક પટેલને હળવાશથી લઈ શકાય એમ નથી. વળી પાટીદાર પંચાયતમાં ભાજપના એક પણ પાટીદાર નેતા કે ધારાસભ્ય ન ડોકાયા તે પણ સૂચક છે. ભારતીય જનતા પાર્ટીએ હાર્દિકની કહેવાતી સામાજિક પ્રવૃત્તિથી એક સલામત અંતરે જ રહેવાનું શ્રેયસ્કર ગણ્યું છે. આનંદીબેન પટેલનો હાર્દિક 'ફોઈ' કહે છે અને એમના શાસનકાળમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી પાટીદારોની રેલીમાં બનેલી કમનસીબ ઘટનાઓ માટે જવાબદાર નેતા માટે તે 'જનરલ ડાયર' જેવા શબ્દો વાપરતો રહ્યો છે. સીધું નિશાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરફ તાકવામાં હાર્દિક પટેલે કોઈ છોછ કે સંકોચ રાખ્યો ન હતો. આ વખતે પણ એ પાટીદારોના પ્રશ્નો પરત્વે 'શાહ' અને 'તાનાશાહ' ને પડકારતો હોય તો હવે એક વાત નક્કી કે ભારતીય જનતા પાર્ટીની સરકાર સાથે તે કોઈ પણ પ્રકારના સમાધાનના મૂડમાં નથી. એ જ રીતે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ એને બિનજરૂરી મહત્ત્વ આપવા નથી માગતા. હાર્દિક પટેલની હેસિયતનો એમને અંદાજ આવી ગયો છે. જંગી રેલીઓ કર્યા છતાં હાર્દિક પાટીદાર બહુલ ક્ષેત્રોમાં ઝાઝો પ્રભાવ પાડી નથી શક્યો તે ગત વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ થઈ ચૂક્યું છે. પાટીદારોને કોંગ્રેસ તરફ વાળવાના હાર્દિક પટેલના પ્રયાસો મહદંશે નિષ્ફળ જ રહ્યા છે છતાં કોંગ્રેસની નેતાગીરીએ એની ગુડબુકમાં રહેવાનો વિકલ્પ સ્વીકાર્યો છે. જો કે પાટીદાર મહાપંચાયતમાં કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા પરેશ ધાનાણી ખુદ ગેરહાજર રહ્યા એથી હાર્દિક ગિન્નાયો છે. એણે બેફામ વાણીવિલાસ કરી ધાનાણીને ઉતારી પાડવાની કોશિશ કરી છતાં ઉપસ્થિત કોંગ્રેસી ધારાસભ્યો એને ટોકી કે રોકી ન શકે તે કેવી વિડંબના છે ! એનો અર્થ એ કે કોંગ્રેસી પાટીદાર નેતાઓમાં પણ હાર્દિકના મુદ્દે પરસ્પર વિરોધી અભિપ્રાય પ્રવર્તે છે. કોંગ્રેસના ધારાસભ્ય અને પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મરે પાટીદાર પંચાયતમાં હાજર નહીં રહેવા બદલ ભાજપના પાટીદાર પ્રદેશ પ્રમુખ વિશે અમછાજતી ટિપ્પણી કરીને સાર્વત્રિક આક્રોશ વહોર્યો છે. આખરે પાટીદાર મહાપંચાયત કરીને હાર્દિકે અથવા એને સમર્થન આપનારા કોંગ્રેસના એક જૂથે શું પ્રાપ્ત કર્યું,તે સંશોધનનો વિષય છે. દિશાવિહીન આંદોલન પ્રત્યે ગુજરાતની બિનપાટીદાર પ્રજાને લેશમાત્ર આકર્ષણ નથી રહ્યું. પાટીદાર આગેવાનોમાં પણ એ મુદ્દે વ્યાપક મતભેદો પ્રવર્તે છે, તે સાબિત થઈ ચૂક્યું છે.

# પરિવર્તન કયારેય પણ પીડાદાયક નથી હોતુ માત્ર પરિવર્તનનો વિરોધ પીડાદાયક હોય છે



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

'એ...... રીક્ષા....! '
'કિધર જાના હૈ ?'
'કાલા ઘોડા '
'બૈઠો... !'
'કિતના લોગે ?'
'મીટર જો બતાયેગા વહીં'

અઠવાડિયા પહેલાં વડોદરા જવાનુ થયેલું. વડોદરામાં કાલાઘોડા એક જાણીતું સ્થળ છે. યુનિવર્સિટીની બિલકુલ નજીક. રીક્ષામાં બેઠો તો જોયું કે રીક્ષા ફુલ્લી સજાવેલી હતી. બેસવાનું મન થાય તેવી. રીક્ષામાં એક ગમતી મહેક આવી રહી હતી. ધીમું સંગીત પણ ચાલતું હતું.

'ઠંડુ લેશો કે ગરમ ?' રીક્ષાવાળાએ પૂછયું.

'કેમ ?' મને આશ્ચર્ય થયું.

રીક્ષામાં ભાઈએ ચ્હા અને લીંબુ શરબતના બે મોટા થરમોસ ભરીને રાખેલા. દરેક પેસેન્જરને ડીસ્પોજલ ગ્લાસમાં ઓફર કરે. પીવડાવે- ફરજીયાત. મને આશ્ચર્ય થયું.

'આ ચ્હા-શરબતના પૈસા વધારાના આપવાના ?'

' ના... સાહેબ.... તમારે જે ભાડું થાય તે જ આપવાનું આ ફેસીલીટીતો મારા તરફથી છે.'

મને આનંદ થયો અને આશ્ચર્ય પણ. મેં કહયું, 'ભાઈ, તારી જ રીક્ષામાં બેસવાનું અને ફરવાનુ ગમે એવું લાગે છે.'

'એમ જ થાય છે સાહેબ, એકવાર જે બેસે છે પછી તે મને જ યાદ કરે છે.'

'તને ખોટ નથી જતી ?'

'અરે સાહેબ,જયારથી આ ફેસીલીટી શરૂ કરી છે ત્યારથી દર વર્ષે મારી આવક બમણી થાય છે. હું નવરો પડતો જ નથી. પેસેન્જર મને ફોન કરીને બોલાવે છે.'

રીક્ષામાં ડ્રાઈવરનું નામ, ફોટો, સરનામું અને ફોન નંબર લખેલું હતું ત્યાં મારી નજર પડી.

મેં મનોમન વિચાર્યું. આટલી કાળઝાળ ગરમીમાં એક ગ્લાસ લીંબુ શરબત મળે અને દુલ્હન જેવી શણગારેલી રીક્ષામાં બેસવાનું મળે પછી જોઈએ શું ?

'રીક્ષા ભાડાની છે કે પોતાની ?'

'તમને શું લાગે છે ?' એણે વળતો સવાલ કર્યો.

'શણગારેલી રીક્ષા છે. તમારી પોતાની જ હોવી જોઈએ !'

'ના... સાહેબ, રીક્ષા ભાડાની છે. આ મારી રોજીરોટી છે, આજીવિકા કયારેય ભાડાની કે પારકી નથી હોતી. એને તો જાતની જેમ જાળવવાની હોય.... આ રીક્ષા મારા પૂરા પરિવારને જાળવે છે. રોજી આપે છે. મારે એને જાળવવાની જ હોય. ન જાળવું તો નગુણો કહેવાઉં.'

મને રીક્ષાવાળા માટે માન ઉપજયું. રીક્ષા અને તેના વિચારો બન્ને ગમી જાય તેવા હતા. રોજી રોટી મળે તે સ્થાનને પવિત્ર ગણવું પછી ભલે તે ભાડાનું કેમ ન હોય ! એ રીક્ષા હોય, મકાન હોય કે પછી પોતાનું શરીર હોય ! બધું જ ભાડાનું છે. પરંતુ તેનો સાચવવું શણગારવું, ગમે તેવું બનાવવું, તેને પ્રેમ કરવો અને છતાં માલિકીપણાનો ભાવ ન આવે તેનું પણધ્યાન રાખવું. વાહ... અદ્‌ભૂત... મજા પડી ગઈ.

મેં કહયું ભાઈ..... મને હવે વડોદરાના જોવાલાયક સ્થળો પણ બતાવ... તારી જ રીક્ષામાં ફરવું છે આજે. રીક્ષા આગળ વધી. મેં લીબુ શરબતનો એક ઘૂંટડો પીધો ને રીક્ષાવાળા ભાઈએ કહયું, 'જુઓ સાહેબ, તમે તમારો વિચાર બદલ્યોને? બસ, આ જ મારું કામ છે. મારા ધંધાની આવક એટલે જ દર વર્ષે વધે છે. ખર્ચ કાઢતાં સોળસો-સત્તરસો રોજ ઘરે લઈ જાઉં છું.'

મેં હકારમાં માથું હલાવ્યું એણે આગળ ચલાવ્યું.

'હું એમ. એ., બી.એડ. છું, સાહેબ !

બી. એડ્.માં મારા સાહેબે કીધેલું કે જીવનમાં કોઈ કામ હલકુ કે નીચુ નથી. ભણ્યા પછી નોકરી મળે કે ન મળે નાસીપાસ નહિ થવાનું. બૂટપોલીશ કરો, ડ્રાઈવીંગ કરો કે ચ્હાની કિટલી ચલાવો પરંતુ પ્રમાણિકતા અને નિષ્ઠા ટકાવી રાખજો. સખત પરિશ્રમ તમારો આત્મવિશ્વાસ વધારશે. સંસારમાં આવતા પરિવર્તનને સહર્ષ સ્વીકારજો. ગ્રાહક અને આવક સતત વધતી જ રહેશે.'

રીક્ષાવાળાના મોઢેથી સાંભળેલા અદ્‌ભૂત વાકયો મને બ્રહ્મજ્ઞાનના નીતરતા નીર જેવાં લાગ્યાં. હું આજીવન પેસેન્જર બની ગયો હતો. હું મનોમન રીક્ષાવાળાને વંદી રહયો.

મિસરી

'પરિવર્તન કયારેય પણ પીડાદાયક નથી હોતુ
માત્ર પરિવર્તાનનો વિરોધ પીડાદાયક હોય છે.'

- ભગવાન બુધ્ધ

-santoshdevkar03@gmail.com

# ચારેકોર જુઓને કેવી ચગદાઈ ગઈ છે સડકો...



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

મધ્યાહન -
જુએ છે બધાં
બેબાકળાં થઈ
ધૂળ ખાધેલા વૃક્ષ
અહીં ત્યાં સરી પડેલા
પડછાયા
શરીર પર ઓઢીને -
જૂની ઈમારતોની ઉજ્જડ મેડી
થરથરતા વૃદ્ધ હાથ
છાતી પર દાબીને -
દૂર દૂરના ડુંગરની પાછળ
લપાયેલી
પવનની સહસ્ર લહેરો
સસલાંની જેમ ડોકાઈને -
આકાશમાં ઠેક-ઠેકામે લટકતા
રાખોડી મેધના ટુકડા
પોતાની ઉદાસ નિર્જીવ આંખો
ફાંડીને -
જુએ છે બધા બેબાકળા થઈ
કાળા-પીળા અફાટ મેદાનમાં
હાથ - પગ પસારીને પડેલો
અકરાળ વિકરાળ
ઉઘાડો નાગડો ઉનાળો

- કુસુમાગ્રજ

કાવ્યો ફક્ત વસંત અને વર્ષા કે શરત ઋતુના જ મહોતા જ એવી આ કાવ્ય વાંચીને ખબર પડી. જે રીતે ગ્રીષ્મઋતુનું સામ્રાજય આપણા પર હાવિ થવા લાગ્યું છે તે રીતો અત્યારે આ 'અકરાળ વિકરાળ ઉઘાડો નાગડો ઉનાળો' પંક્તિ યથાર્થ ઠરે છે...

પ્રકૃતિ અને પુરુષના સંયોજનથી જ આ સૃષ્ટિ ઊભી છે... વ્યક્તિનો મૂડ, એના મિજાજ તેની સંવેદનશીલતા, કલ્પના, આ બધું પ્રકૃતિની રુદ્રતા, રમ્યતા અને ભવ્યતા અને સૌમ્યતા પ્રમાણે આધાર રાખે છે.

તાપ માણસને આકળા બાનાવી મૂકે છે. નિષ્કિય બનાવી મૂકે. આમ તો આપણે વિવિદ સગવડોયુક્ત ભૌતિકવાદીઓ શહેરી લોકોએ સગવડોને કારણે કોઈ પણ મોસમને મોસવટો આપી શકીએ તેમ છીએ... છતાં પણ પ્રકૃતિદેવીના આ પ્રકોપનો પહોંચવા આપણે હજી સક્ષમ નથી બન્યા.

વૃક્ષો પર ધૂળના થર જામ્યા છે. એકાદ પવનની લહેરખી આવે તો થોડીક ધૂળ ઊડે પણ ખરી; પણ અહીં તો વૃક્ષ પર ધૂળ જાણે પલાઠી વાળીને બેસી ગઈ છે. ચુસ્ત બપોરે રસ્તા સૂમસામ પડ્યા છે.

ખાટલે પડેલા વૃદ્ધની ખાંસીની જેમ ચોટકણી બળબળતી બપોર કેમેય કરીનો જતી જ નથી... ગોકળગાયની ગતિએ ચાલતી બપોરથી ત્રાહિમામ પોકારી ઉઠાય છે. આકાશ નિરભ્ર છે... નાનકડી સરખી વાદલડી પણ દેખાતી નથી કે જરાક સૂર્યની આડશે આવે તો બે ઘડી નિરાંત વળે... ફાટી આંખે આકાશ તાડૂકતો હોય તેમ શબાની ખુલ્લી ફાટેલી આંખે ડારવ્યા કરે છે.

કાળા ડામરના રસ્તાઓ પર અફાટ હાથ-પગ ફેલાવીને ઉઘાડો નાગડો ઉનાળો પડ્યો છે. મૃગજળ સમા પાણીના ખાબોચીયા સપાટ ડામરના રસ્તાઓ પર દેખાય છે. તે પાણીના ભ્રમમાં લોકો ટળવળતા રહે છે. કાકા કાલેલકર જેવા વીરલા જ 'મધ્યાહનની બપોરે' જેવા નિબંધમાં બપોરની ભવ્યતા વર્ણવી શકે. કાલેલકર લખે છે કે - 'ધોમધખતા બપોરે નાના બાળકને કશીક વસ્તુ લેવા મોકલે છે ત્યારે ઉતાવળમાં ભૂલથી તે ચપ્પલ પહેર્યા વગર બહાર નીકળી જાય છે... અને બળબળતા બપોરે જે હાલત ખરાબ થાય છે તે વર્ણન અદ્‌ભૂત છે.'

લેખક આગળ લખે છે કે, છેવટે દોડતા દોડતા કયાંક છાયો નથી મળતો ત્યારે નાનો બાળક કે જે ખુદ લેખક છે, તેઓ ગાયના તાજા પોદળામાં બાંનો પગ મૂકીનો પગના તળીયાનો શાતા આપો છે. ગાયના તાજા પોદળાનો આવો અદ્‌ભૂત સાહિત્યિક ઉપયોગ બીજા કોઈએ કર્યો હોય તેવું યાદ આવતું નથી.

ચોમાસામાં ભીંજાયેલા મનવાળા અને ભીની માટીની સુગંધ જેવા હૃદયવાળા માનવીઓનો ભેટો થાય છે, શિયાળામાં ફુલગુલાબી ઠંડકવાળા રસિક વ્યક્તિઓનો લાભ મળે છે.... પરંતુ ઉનાળામાં વ્યગ્ર, આગ ઓકતા વ્યથિત મનોભાવવાળા ગ્રીષ્મવાળુ માણસો ભટકાય છે... સ્નેહાળુ વ્યક્તિઓ નહીં ઉનાળું વ્યક્તિઓ ડોકાય છે.

બપોરે ૧૧ થી ૪ વાગ્યા સુધી તો જાણે સ્વયંભૂ કરફ્યુ હોય તેમ શહેરની સડકો ગરમીની ચાદર ઓઢેલી એકલી અટૂલી ભાસે છે.

ભલે આપણે જાણતા હોઈએ કે પ્રકૃતિની જે રીત છે તે પ્રમાણે ગરમી -સપ્રમાણ પડે તે જરુરી છે. તો જ વરસાદ પણ સરખા પ્રમાણમાં પડશે... આવું વ્યવહારુ જ્ઞાન જાણતા હોવા છતાં પણ ઉનાળાની બપોર અસહ્ય થઈ પડે છે.

હા ! આ ઉનાળાની ગરમીમાં ટાઢક આપતી કોઈ વાત હોય તો એ છે. ફળોનો રાજા કેરી. કેસર, હાફૂસ, લંગડો, રત્નાગિરિ, પાયરી, બદામ. આ બધી કેરીઓ અને તેનો રસ. આઈસ્કીમ રાત્રે. ઘ-૪ સર્કલ પાસે લોનમાં બેઠાં-બેઠાં ઠંડક મેળવવાની જે મજા આ ઋતુમાં આવે છે તેવી બીજી એકેય ઋતુમાં આવતી નથી.... અદ્‌ભૂત આનંદ મળે છે...

ઉનાળો અસહ્ય થઈ પડ્યો છે તે આપણી જ ઉપજ છે. ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણને કારણે જ ગરમીનો પારો ૪૫ ડિગ્રી ઉપર સહેલાઈથી પહોંચી જાય છે. નિરંજન ભગતનું એક કાવ્ય પણ આ ગરમ બપોરને અર્પણ કરીએ...

તગતગતો આ તડકો
ચારેકોર જુઓ ને કેવી
ચગદઈ ગઈ છે સડકો!
કહો, ચરણ કયાં ચાલે ?
એણે એક ન રાખ્ય રસ્તો.
ઘણું હલાવા હવે મથે પણ
સતુય તે ના ખસતો
અહીં ધરતી પર નક્કર
જાણે ધાતુ શો તરતસતો,
સાવ અડીખમ પડ્યો,
કશેયે જરી તો અડકો !
જીદ્દી જનનું મન પણ
જેની પાસે લાગે હળવું
વૈદેહીના ધનુષ્યને પણ
રામ કને તો ચળવું
ગિરિ ગોવર્ધનનેયે ટચલી
આંગળી પર ઢળવું,
પણ આનો ઓગાળી
દેવા કોણ મેળશે ભડકો.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# એક શોખ એવો રાખો કે અંતિમ શ્વાસ સુધી સાચા અર્થમાં જીવાડે



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'તમે ભાવનગર જાવ છો ને ? તો મહિનાના પહેલા રવિવારે જજો... ગાંઠીયા ખાવ, હરવા ફરવા જાવ પણ સાંજે ૬ વાગે સ્વામીનારાયણ ગુરુકુળ, સરદારનગર પહોંચી જજો...' ભાવનગરી મિત્ર મનોજ શુકલએ કોઈને કહ્યું... સામે પ્રશ્ન થયો કેમ? જવાબ આપ્યો કે 'તમે સંગીતથી તરબતર થઈ જશો, તમારી સાંજ સૂરીલી થઈ જશે.'

'સુરીલી સાંજ' નામે એક કાર્યક્રમ રાજેશ વૈષ્ણવ દ્વારા સ્વામિનારાયણ ગુરુકુળના સહયોગથી વિનામૂલ્યે શ્રોતાઓ સમક્ષ દર મહિને યોજાય છે. આ કાર્યક્રમને 'લોંગેસ્ટ રનીંગ એન્ડ નોન કોમર્શિયલ મ્યુઝિકલ પ્રોગ્રામ' તરીકો સ્વીકૃત કરીને લીમ્કા બુક ઑફ રેકોર્ડઝમાં નેશનલ રેકોર્ડ તરીકે સ્થાન આપ્યું છે.

ભાવનગરના થિયોસોફિલ સોસાયટીના સહદેવ ઠક્કર અને તેમના ભાઈ સિધ્ધાર્થ ઠક્કકરે ૧૯૯૮માં થિયોસોફિકલ સોસાયટીના હોલમાં ભજન સંધ્યાનો કાર્યક્રમ શરુ કર્યો. દિપક મહેતા અને પલ્લવી ગૌતમ મહેતા પણ જોડાયા. ઐતિહાસિક ક્ષણ ત્યારે બની જયારે રાજેશ વૈષ્ણવ એમાં જોડાયા. ફિલ્મી ગીતો પણ ગવાતા થયા ને નાનકરણ થયું, 'સૂરીલી સાંજ' તારીખ ૧૧.૦૭.૯૮ના દિવસથી આંજ સુધી, વીસ વર્ષ સુધી દર મહિને સતત આ કાર્યક્રમ યોજાતો રહ્યો છે.

૧૯૯૮માં પાંચ કલાકારને પચ્ચાસ શ્રોતા હતા. આજે સ્ટેજ પર વીસ કલાકાર ને શ્રોતાઓ બે-અઢી હજાર હોય છે, એ વાત જ કાર્યક્રમની લોકપ્રિયતા પુરવાર કરે છે. વરસો સુધી દર મહિનાના છેલ્લા રવિવારે સાંજે ૬.૩૦ કલાકે યોજાતો કાર્યક્રમ હવે પ્રથમ રવિવારે દર મહિને યોજાય છે. પ્રથમ ૧૦૦ કાર્યક્રમ થિયોસોફિકલ સોસાયટીના હોલમાં થયા બાદ પછીથી આજ સુધી સ્વામિનારાયણ ગુરુકુળ, સરદારનગરના વિશાળ સમાગૃહમાં કે.પી. સ્વામિના સહકારથી આયોજિત થાય છે. જાણીતા અને નવોદિત ગાયકો, વાદ્યકારો, ઓડિયો-વીડિયોના ટેકનિકલ જાણકારો, ડેકોરેશનવાળા એમ તમામનો અને મીડિયાનો સપોર્ટ આ પ્રવૃત્તિને ખૂબ મળ્યો છે. સેવાભાવે મળતા આવા સહકારથી આજે 'સૂરીલી સાંજ' ભાવનગરની ઓળખ બની ગઈ છે. જેના સર્જક રાજેશ વૈષ્ણવ.

ગાયક અને સ્વરકાર રાજેશ વૈષ્ણવ સિવિલ એન્જીનીયર થયા બાદ ભાવનગર મહાનગરપાલિકામાં ઉચ્ચ અધિકારી તરીકે સેવારત રહ્યા છે. વર્ષ ૨૦૦૧માં એમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. પૂછ્યું કેમ ? તો કહે 'હવે માત્ર સંગીતને સમર્પિત થઈને જ જીવવું છે.'

૧૯૭૧માં સુગમ સંગીતની રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર રાજેશભાઈ નોકરીના કારણે સંગીતના શોખ પર ધ્યાન આપી શકતા ન હતા. ૧૯૯૦ના દાયકામાં એમણે માધુરી ગ્રુપ અને ગ્રામોફોન કલબના કાર્યક્રમોમાં પ્રસ્તુતિ કરી હતી જે હવે એમણે પૂર્ણપણે આરંભી.

સ્વભાવ શાંત, ઓછું બોલે, અવલોકન વધુ કરે, સાંભળે વધુ, સમજણ વધુ કેળવે, સમય આવ્યે ક્રિકેટની પરિભાષામાં સ્વીંગ બોલ કે લેઈટ કટની જેમ સહજ અને સાત્ત્વિક રમૂજથી મિત્રોને હસાવતા રહે. પોતે માને છે કે જીવનમાં કરેલું સત્કર્મ કયારેક નિષ્ફળ જતું નથી. એટલે નિરપેક્ષ ભાવે પોતાના કાર્યમાં મશગુલ રહે છે, સંગીતના તાલીમ વર્ગો દ્વારા યુવા ગાયકોને ઘડે છે. એમના પત્ની માધુરી બહેન બેંકના નિવૃત્ત કર્મચારી અને સારા ગાયિકા છે. 'સૂરીજી સાંજ' ની દર મહિને નૂતન થીમ તેઓ પ્રસ્તુત કરે એટલે હિન્દી સિને સંગીત જ હરતી ફરતી લાઈબ્રેરી જેવા રાજેશભાઈ સંગીત માટે સમર્પિત થઈને ઉમદા દાયિત્વ રૂપે સામાજિક - સાંસ્કૃતિક કાર્ય ધૂણી ધખાવીને કરી રહ્યા છે.

પ્રત્યેક માણસને જિંદગીમાં એક શોખ એવો હોદો જોઈએ જે અંતિમ શ્વાસ સુધી એને સાચા અર્થમાં જીવાડે.

આવા શોખને પોષવા અને સંવર્ધિત કરવા માણસ પાવર અને પૈસા બંને આપનારી નોકરી કે વ્યવસાય પણ કોઈ એક તબક્કે છોડે ત્યારે એ શોખ વધુ સમૃદ્ધ બને છે એ વ્યક્તિ પણ વધુ સમૃદ્ધ બને છે. અંદરના રાજીપાથી. પોતાના શોખ સાથે જિંદગીને માણનારા આવા માણસો સમાજ માટેનું દાયિત્વ પણ નિભાવે ત્યારે શોખમાંથી પ્રગટતી સમૃદ્ધિના દીવડા ઝળહળે છે ને આસપાસ અજવાળા રેલાય છે.